પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date: 08-11-2026 **Midday: 1.20 TO 1.30**
Day: Sunday **National News**

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

****

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે એક સમયે નક્સલવાદથી પ્રભાવિત બસ્તર હવે શાંતિ અને વિકાસના નવા યુગનું સાક્ષી બની રહ્યું – તેમણે સુરક્ષા દળોના જવાનો સાથે દિવાળી પર્વની ઉજવણી કરી
2. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે સિક્કિમમાં જવાનો સાથે દિવાળીની ઉજવણી કરી જવાનોને સબોધન કર્યું
3. દેશમાં ધાર્મિક ઉત્સાહ અને ઉલ્લાસ સાથે પ્રકાશનો તહેવાર દીવાળી પર્વની કરાઇ રહેલી ઉજવણી - રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીએ નાગરિકોને દિવાળીની શુભકામનાઓ પાઠવી
4. ઇઝરાયલના ભૂતપૂર્વ લશ્કરી વડા અને યાશર પાર્ટીના નેતા ગાદી એઇઝનાકોટને નવી સરકાર બનાવવા માટે આમંત્રણ આપવામાં આવ્યું
5. ભારતીય કુસ્તીબાજ તાન્યાએ સેનેગલમાં ચાલી રહેલી 2026 ડાકાર યુથ ઓલિમ્પિક ગેમ્સમાં રજત ચંદ્રક જીત્યો

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

PM DIWALI BASTAR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ છત્તીસગઢના બસ્તરમાં સુરક્ષા કર્મચારીઓ સાથે દિવાળીની ઉજવણી કરી છે. જવાનોને સંબોધતા પ્રધાનમંત્રીએ કહ્યું કે દેશની સરહદોનું રક્ષણ કરતા અને દેશની અંદર શાંતિ જાળવી રાખતા સુરક્ષા કર્મચારીઓ તેમના પરિવારના સભ્યો છે. શ્રી મોદીએ કહ્યું કે એક સમયે નક્સલવાદથી પ્રભાવિત બસ્તર હવે શાંતિ અને વિકાસના નવા યુગનું સાક્ષી બની રહ્યું છે, જે સુરક્ષા કર્મચારીઓના બલિદાન અને સમર્પણને કારણે છે.

બાઇટ – PM BASTAR

પ્રધાનમંત્રીએ દિવાળી 2026 ને ખાસ મહત્વપૂર્ણ ગણાવતા કહ્યું

બાઇટ – PM NAXAL

શ્રી મોદીએ કહ્યું કે આ પહેલી દિવાળી છે જેમાં દેશનો દરેક જિલ્લો નક્સલવાદથી મુક્ત છે અને લાખો લોકોએ નક્સલ હિંસાના ભયને દૂર કર્યો છે. શ્રી મોદીએ કહ્યું કે આ સિદ્ધિ રાષ્ટ્રની સુરક્ષા માટે કાર્યરત સુરક્ષા દળો અને અન્ય કર્મચારીઓની હિંમત, પ્રતિબદ્ધતા અને બલિદાનનું પરિણામ છે. તેમણે ઉમેર્યું કે તેમણે તેમના અમૂલ્ય યોગદાનને માન્યતા આપવા માટે તેમની સાથે આ તહેવાર ઉજવવાનું પસંદ કર્યું છે.

DAY-RAJNATH SINGH VISITS SIKKIM

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આજે સિક્કિમના નાથુલા નજીક શેરથાંગ યુદ્ધ સ્મારક ખાતે સૈનિકોને સંબોધિત કરતા કહ્યું હતું કે આ સ્મારક દેશની યુવા પેઢીને પ્રેરણા આપતું રહેશે. તેમણે વિસ્તારમાં તૈનાત સૈનિકો સાથે દિવાળીની ઉજવણી કરી.

બાઇટ – RAJNATH SINGH

શ્રી સિંહે કહ્યું કે શેરથાંગ યુદ્ધ સ્મારક એ શહીદો અને બહાદુર સૈનિકોને સાચી શ્રદ્ધાંજલિ છે જેમણે દેશ માટે સર્વોચ્ચ બલિદાન આપ્યું હતું. આ પ્રસંગે ભારતીય સેનાના વડા જનરલ ધીરજ સેઠ પણ હાજર હતા. શ્રી સિંહ આજે સવારે સિક્કિમ પહોંચ્યા હતા.

DIWALI-PREZ-PM

દેશ અને સમગ્ર વિશ્વમાં ધાર્મિક ઉત્સાહ અને ઉલ્લાસ સાથે પ્રકાશનો તહેવાર દીપાવલી ઉજવવામાં આવી રહી છે. આ પ્રસંગે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સહિત અનેક મહાનુભાવોએ દેશના નાગરિકોને દિવાળીની શુભકામનાઓ પાઠવી છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી તેમના સંદેશમાં કહ્યું કે આ તહેવાર નકારાત્મકતા પર સદ્ગુણની જીતનું પ્રતીક છે અને દુઃખનો અંત અને આનંદી અને સમૃદ્ધ જીવનની શરૂઆતનું પ્રતીક છે. તેમણે દરેક નાગરિકના સારા સ્વાસ્થ્યની પણ શુભેચ્છા પાઠવી છે.

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણએ સોશિયલ મીડિયા પર કહ્યું કે દિવાળી અંધકાર પર પ્રકાશ, અનિષ્ટ પર સારા અને અસત્ય પર સત્યના વિજયનું પ્રતીક છે. આશા વ્યક્ત કરી કે આ દિવાળી દરેક ઘરમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ લાવશે અને સમાજમાં એકતા અને ભાઈચારાની ભાવનાને વધુ મજબૂત બનાવશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સશસ્ત્ર દળોના બહાદુર જવાનો સાથે દિવાળી ઉજવવાની તેમની પરંપરા ચાલુ રાખશે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં પ્રધાનમંત્રીએ કહ્યું કે, આ તહેવાર અંધકાર સામેના સંકલ્પનું પ્રતીક છે.

બાઇટ – PM DIWALI WISHES

MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

PM - FADNAVIS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ખેડૂતો સાથે દિવાળીની ઉજવણી કરવા બદલ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસની પ્રશંસા કરી છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ કહ્યું કે શ્રી ફડણવીસ નાગપુરના લોહારી સાવંગા ગામમાં ખેડૂતો સાથે દિવાળીની ઉજવણી કરી રહ્યા છે. અને અરુણાબાઈ અને રામભાઈ બાલપાંડેના ઘરે રોકાયા છે તે ખૂબ જ ભાવુક છે. શ્રી મોદીએ કહ્યું કે આ પહેલ ખેડૂતોની સંવેદનશીલતા અને તેમના કલ્યાણ પ્રત્યે મહારાષ્ટ્રની **NDA** સરકારની પ્રતિબદ્ધતાને દર્શાવે છે.

TRIPURA-SPECIAL TRAIN

દિવાળી પર ત્રિપુરાના ઉદયપુરમાં માતા ત્રિપુરેશ્વરી મંદિરમાં ભારત અને વિદેશથી મોટી સંખ્યામાં ભક્તો આવી રહ્યા છે. ભક્તોની સુવિધા માટે રેલ્વેએ અગરતલા-સબરૂમ-અગરતલા અને અગરતલા-ધર્મનગર-અગરતલા રૂટ પર બે ખાસ ટ્રેનો શરૂ કરી છે.

રાજ્ય પરિવહન મંત્રી સુશાંત ચૌધરીએ જણાવ્યું હતું કે આ ખાસ ટ્રેનો ત્રિપુરસુંદરી મંદિરમાં દર્શનાર્થે આવનારા ભક્તોને ખૂબ જ સુવિધા આપશે.

KERALAM-SHIGELLA INFECTION

કેરલમમાં આરોગ્ય વિભાગે શિગેલા ચેપની પુષ્ટિ થયા બાદ નિવારક પગલાં વધુ કડક બનાવ્યા છે. ગઈકાલે તિરુવનંતપુરમ અને ત્રિશુરમાં એક-એક કેસ નોંધાયો હતો, જ્યારે મલપ્પુરમમાં ત્રણ કેસ નોંધાયા હતા. મલપ્પુરમ જિલ્લામાં શિગેલાના કેસોની સંખ્યા વધીને આઠ થઈ ગઈ છે. આરોગ્ય વિભાગે ચેપના ફેલાવાને રોકવા માટે ચેતવણી જારી કરી છે અને ક્લોરિન છંટકાવ સહિત અન્ય નિવારક પગલાં વધુ તીવ્ર બનાવ્યા છે.

VP PM-ADVANI

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભાજપના વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ નાયબ પ્રધાનમંત્રી લાલકૃષ્ણ અડવાણીને તેમના 99 માં જન્મદિવસની શુભેચ્છા પાઠવી.

સોશિયલ મીડિયા પર એક સંદેશમાં ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે શ્રી અડવાણીની દાયકાઓની જાહેર સેવા અને રાષ્ટ્ર પ્રત્યે સમર્પણ ભારતની લોકશાહી યાત્રાનો મહત્વપૂર્ણ ભાગ રહ્યો છે. તેમણે લાલકૃષ્ણ અડવાણીના સારા સ્વાસ્થ્ય, ખુશી અને સમૃદ્ધિની પણ શુભેચ્છા પાઠવી.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ એક અખબારના લેખમાં શ્રી અડવાણીના યોગદાનને યાદ કર્યું. તેમણે જણાવ્યું કે શ્રી અડવાણીની મજબૂત વિચારધારા અને ઊંડી સમજણ તેમને એક અલગ ઓળખ આપી. તેમણે શ્રી અડવાણીના પક્ષ પ્રમુખ તરીકેના કાર્યકાળ અને પક્ષમાં તેમના યોગદાનનો પણ ઉલ્લેખ કર્યો. **1991**ની લોકસભા ચૂંટણીને યાદ કરતા પ્રધાનમંત્રીએ જણાવ્યું કે તેમણે શ્રી અડવાણીને તેમના ઉમેદવારી પત્રો તૈયાર કરવામાં અને પ્રચારમાં મદદ કરી હતી. તેમણે શ્રી અડવાણીના ગૃહમંત્રી તરીકેના કાર્યકાળ અને દેશની સુરક્ષા વ્યવસ્થાને મજબૂત બનાવવામાં તેમના યોગદાનને પણ યાદ કર્યું. તેમણે સોમનાથથી અયોધ્યા સુધીની તેમની રથયાત્રાનો પણ ઉલ્લેખ કર્યો. પ્રધાનમંત્રીએ શ્રી અડવાણીના સારા સ્વાસ્થ્ય અને લાંબા આયુષ્યની શુભેચ્છા પાઠવી.

DAY ISRAEL- NEW GOVT

ઇઝરાયલના ભૂતપૂર્વ લશ્કરી વડા અને યાશર પાર્ટીના નેતા ગાદી એઇઝનાકોટને નવી સરકાર બનાવવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે. રાષ્ટ્રપતિ આઇઝેક હર્ઝોગે ગઈકાલે રાજકીય પક્ષો સાથે વાતચીત બાદ આ નિર્ણય લીધો. 120 સભ્યોની નેસેટમાં, 67 સાંસદોએ એઇઝનાકોટને ટેકો આપવાનો નિર્ણય લીધો છે. વિદાય લેતા પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂને ફક્ત 46 સાંસદોનું સમર્થન છે. સાત સાંસદોએ કોઈપણ ઉમેદવારને ટેકો ન આપવાનો નિર્ણય લીધો છે.

શ્રી ગાદી એઇઝનાકોટ પાસે બહુમતી સાબિત કરવા માટે 28 દિવસનો સમય હશે. જો તેઓ 28 દિવસમાં આ હાંસલ કરવામાં નિષ્ફળ જાય, તો તેમને વધારાના 14 દિવસનો સમય આપવામાં આવશે.

અગાઉ, શ્રી એઇઝનાકોટે નેતન્યાહૂની આગેવાની હેઠળની સરકારમાં જોડાવાનો ઇનકાર કર્યો હતો. તેઓ ગાઝા યુદ્ધમાં નેતન્યાહૂના સંચાલનની ટીકા કરતા રહ્યા છે.

દરમિયાન, નેતન્યાહૂએ હાર સ્વીકારી નથી અને હજુ પણ સરકાર બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. જો એઇઝનાકોટ સરકાર બનાવવામાં નિષ્ફળ જાય, તો નેતન્યાહૂને ફરી એકવાર સરકાર બનાવવાની તક મળી શકે છે.

WRESTLING-SILVER

ભારતીય કુસ્તીબાજ તાન્યાએ સેનેગલમાં ચાલી રહેલી 2026 ડાકાર યુથ ઓલિમ્પિક ગેમ્સમાં રજત ચંદ્રક જીત્યો છે. મહિલા 75 કિલોગ્રામ બીચ રેસલિંગ સ્પર્ધાની ફાઇનલમાં તાન્યા ચીનની ઝાઓ મીન સામે 1-2થી હારી ગઈ. ફાઇનલ પહેલા તાન્યાએ તેની ચારેય મેચ જીતી હતી. ગ્રુપ સ્ટેજમાં, તેણીએ જર્મની અને ગ્રીસના કુસ્તીબાજોને હરાવ્યા જ્યારે ક્વાર્ટર ફાઇનલમાં એસ્ટોનિયાની મેરિલી વેસ્ટરને 4-1થી અને સેમિફાઇનલમાં અમેરિકાની માટિલ્ડા એન ક્રુબીને 3-1થી હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો.

REV. DAY CRICKET UNDER 19

ઓમાનમાં ચાલી રહેલી 19 વર્ષથી ઓછી વયના એશિયા કપ પુરુષ ક્રિકેટ ટુર્નામેન્ટના ગ્રુપ A ભારત પાકિસ્તાન સામેની મેચમાં છેલ્લા અહેવાલો મળ્યા મુજબ, ભારતે 36 ઓવરમાં 7 વિકેટે 172 રન કર્યા છે.

અગાઉ ભારતે ટોસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લીધો. ભારતીય ટીમે તેની પહેલી મેચમાં નેપાળને હરાવ્યું હતું, જ્યારે પાકિસ્તાને સંયુક્ત આરબ અમીરાતને હરાવ્યું હતું. ભારતીય ટીમનું નેતૃત્વ લક્ષય રાયચંદાની કરી રહ્યા છે. ટીમમાં ભૂતપૂર્વ ભારતીય સ્ટાર ક્રિકેટર વીરેન્દ્ર સેહવાગના પુત્ર આર્યવીર સેહવાગ અને રાહુલ દ્રવિડના પુત્ર અન્વય દ્રવિડનો સમાવેશ થાય છે.